

## વોર્ડ નં-૬ના કોર્પોરેટર ધોળાકુવાની મુલાકાતે

ગાંધીનગર મહાનગર પાલિકાના વોર્ડ નં-૬ ના કોર્પોરેટર નાજાભાઈ ઘાંઘરે આજે અચાનક મત વિસ્તારની મુલાકાત લીધી હતી. જેમાં ધોળાકુવા ગામની પ્રાથમિક શાળાની મુલાકાત લઈ ઓરડાઓની ચકાસણી કરી હતી. તેમજ રામદેવનગર વિસ્તારમાં પાણીના પ્રશ્ને વસાહતીઓને મળ્યા હતા. કોર્પોરેટરે પાણી અને શાળાના ઓરડા અંગે ઉચ્ચકક્ષાએ રજુઆત કરી છે.

# હવે, ડેપો સંકુલમાં જાહેરમાં ધુમ્રપાન કરતા મુસાફરોને દંડ કરવામાં આવશે

**ડેપો સંકુલમાં તમાકુનુ સેવન અટકાવવા માટે લોકજાગૃતિ કેળવવા માટે બાર્ડસ પણ લગાવાયા : ધુમ્રપાન કરનારા સામે કેમેરા તેમજ સ્ટાફની વોચ રહેશે**

ગાંધીનગર તા ૨

ગાંધીનગર એસ ટી ડેપોને ટોબેકો ફ્રી ઝોન બનાવવા માટેના પ્રયોસો શરૂ કરી દેવાયા છે. હવે ડેપો સંકુલમાં તમાકુનુ સેવન કરનાર મુલાકાતીને દંડ કરવામાં આવશે. ગત દિવસોમાં કલેકટર કક્ષાએ યોજાયેલા વર્કશોપ દરમિયાન નગરના જાહેર સ્થળોએ વ્યસન મુક્તિનો અભિગમ અપનાવાય તેમજ ગંદકી ન થાય તેવા આશયથી વિવિધ વિભાગના અધિકારીઓને સુચના આપવામાં આવી હતી. જેના અનુસંધાને ડેપો મેનેજર દ્વારા ડેપો સંકુલમાં ધુમ્રપાન કરતા મુસાફરો કે મુલાકાતીઓ સામે દંડનાત્મક કાર્યાવાહી હાથ ધરવા માટે ઝુંબેશ શરૂ કરી દેવાઈ છે.

શહેરમાં જાહેર સ્થળોએ ધુમ્રપાન કરી ગંદકી કરતા તત્વો સામે ભદ્ર સમાજનુ મોં પણ વંકાયુ છે. નગરની સરકારી કચેરીઓમાં પણ દિવાલો પણ પાનની પિચકારીથી રંગાયેલી જોવા મળે છે. સ્વચ્છ ભારત અને નિર્મળ નગરના અભિયાનના અંતે પણ નાગરિકોની આ માનસિકતામાં હજુ જોઈએ તેવો સુધાર આવ્યો નથી. જેના પરિણામે ગમે ત્યાં થુંકવાની આદત ગંદકીની સમસ્યાને વધુ જટીલ બનાવી છે. ડેપો સંકુલમાં પણ ધુમ્રપાન કરી ગંદકી કરતા મુલાકાતીઓ સામે પગલા લેવામાં આવી રહયા છે. ડેપો સંકુલમાં ગમે ત્યાં પાનની પિચકારી મારી અગર કચરો ફેંકીને ગંદકી કરતા મુસાફરો સામે દંડનીય કાર્યવાહી કરવા માટે સતત વોચ રાખવામાં આવતી હોવાનુ પણ ડેપો મેનેજરે અગાઉ જણાંવ્યુ હતુ જયારે ગત દિવસોમાં યોજાયેલા વર્કશોપ દરમિયાન જાહેરમાં તમાકુનુ સેવન કે સ્મોકીંગ કરનારાઓ સામે પણ યોગ્ય દંડનીય કાર્યવાહી કરવા જિલ્લા કલેકટરે સુચના આપી હતી. જેના અનુસંધાને ડેપો સંકુલમાં હવેથી જાહેરમાં ધુમ્રપાન કરતા મુલાકાતીઓ સામે દંડ વસુલવા સુધીના પગલા લેવાનુ શરૂ કરી દેવાયુ છે. આ અન્વયે લોકજાગૃતિ કેળવાય તે માટે ડેપો સંકુલમાં જરૂરી બોર્ડસ પણ લગાવી દેવાયા છે. જયારે તમાકુનુ સેવન તેમજ ધુમ્રપાન કરતા મુલાકાતીઓ કે મુસાફરો પર સી સી ટી વી કેમેરાની વોચ રાખી કસુરવાર જણાંય તેવા કિસ્સામાં દંડ વસુલવાનુ પણ અભિયાન હાથ ધરવામાં આવ્યુ છે. આ માટે ડેપોના સ્ટાફને પણ જવાબદારી સોંપવામાં આવી છે.

નિયુકિત થઈ ગઈ છે. સૂચનો મળ્યા પછી તે સ્માર્ટસીટી પ્રોજેકટમાં કયા કામો હાથ ધરાશે તેનો રિપોર્ટ તૈયાર કરી એક દરખાસ્ત તૈયાર કરશે.

૩૧મી માર્ચ આ દરખાસ્ત મોકલવા માટેની અંતિમ તારીખ છે પરંતુ હજુ સુધી સૂચનો મેળવવાની કામગીરી જ સંપન્ન થઈ નથી. પ્રોજેકટ માટે દરખાસ્ત કયારે તૈયાર થશે અને કયારે તે રજુ થશે તેને લઈ હવે પ્રશ્નો ઉભા થયા છે. શહેરની સ્વચ્છતાના માર્કસ પણ એટલા જ જરુરી છે. આ માટે ઓ.ડી.એફ. વિસ્તારો પણ જણાવવાના હોય છે જો કે તંત્રએ કાગળ પર સમગ્ર શહેરને ઓડીએફ જાહેર કર્યુ છે પરંતુ સામાન્ય સભાએ હજુ તેને મંજૂરીની મહોર મારી નથી. આ બધી પરિસ્થિતિમાં હવે ગાંધીનગરનો આ ત્રીજા તબક્કામાં પણ સ્માર્ટ સિટીમાં સમાવેશ થશે કે કેમ? તેને લઈ તર્ક વિતર્ક વહેતા થયા છે. આ માસમાં જ સ્વચ્છતાના સર્વેક્ષણ માટે પણ કેન્દ્રીય ટીમ આવવાની સંભાવનાઓ છે. શહેરમાં મનપા પાસે સ્વચ્છતા સિવાયની કોઈ સેવા છે નહિ આમ છતાં શહેરની સ્વચ્છતાને લઈ સર્વેક્ષણમાં તેનો ક્રમ અન્ય શહેરો કરતાં પાછળ રહ્યો છે તે ઉલ્લેખનીય છે.

# પી.એસ.આઈ.ની ભરતી પ્રક્રિયામાં બિનઅનામત ઉમેદવારોને અન્યાય

**૬૮૫ પી.એસ.આઈ.ની સીધી ભરતી માટે ૩૩ ઉમેદવારો ઓછા બોલાવવાની શંકાસ્પદ પ્રવૃત્તિ : બિનઅનામત ઉમેદવારો માટે કટ ઓફ માર્કર્સ ૪૦ ટકા કરો : ડો. હિમાંશુ પટેલ**

ગુજરાત પોલીસ દળ વર્ગ-૩ (પીએસઆઈ)ની ૬૮૫ જગ્યા માટે સીધી ભરતીથી નિમણૂંક કરવા અત્યારે ચાલી રહેલી પરીક્ષા પ્રક્રિયામાં ક્વોલીફાઈડ ૩૩ ઉમેદવારો ઓછા બોલાવી અન્યાય કરવામાં આવ્યો હોવાનું જણાવતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસનાં પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે માંગણી કરી છે કે, બિન અનામત કેટેગરીનાં ઉમેદવારો માટે પણ કટ ઓફ માર્કર્સનું ધોરણ ૪૦ ટકા જ કરી બિનઅનામત વર્ગને થતો અન્યાય તાત્કાલિક દૂર કરવો જાઈએ.

કોંગ્રેસનાં પ્રદેશ પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે કે, ૬૮૫ પીએસઆઈની સીધી ભરતી માટે (જાહેરાત ક્રમાંક પીએસઆઈ આરબી/૨૦૧૬-૧૭/૧) ગઈ તા. ૧-૧-૨૦૧૭ના રોજ પ્રિલિમરી પરીક્ષા લેવામાં આવી હતી. આ પરીક્ષા માટે રૂ. ૧૦૦ ફી લઈ કુલ ૨,૦૧,૮૫૩ ઉમેદવારોને કોલ લેટર ઈસ્યુ કરી અંદાજે રૂપિયા બે કરોડ કરતાં વધારે રકમ ખંખેરી લેવામાં આવી. જયારે પરીક્ષા આપનારાં કુલ ૧,૧૮,૬૮૧ ઉમેદવારો માટે ૪૦ ટકાનું ક્વોલીફાઈંગ ધોરણ રાખવામાં આવ્યું હતું. જેમાં તા. ૧૨-૧-૨૦૧૭ના રોજ પ્રિલિમનરી પરીક્ષાનું પરિણામ પ્રસિદ્ધ કરી ૧૫ ગણાનાં મેરીટ સાથે ક્વોલીફાઈંગ ઉમેદવારોની સંખ્યા પ્રસિદ્ધ કરવામાં આવી હતી. પરંતુ પુરુષ ઉમેદવારોમાં ૭૮૫૦નાં બદલે ૭૮૧૭ સંખ્યા જ દર્શાવાઈ છે. આમ, ફિઝીકલ ટેસ્ટમાં ૩૩ ઉમેદવારોને ઓછા બોલાવી પરીક્ષાર્થી યુવાનોને અન્યાય કરવામાં આવ્યો છે. કારણ કે, ફિઝીકલ પરીક્ષા પછી આ ઘટ વધીને ૩૮ થઈ ગઈ છે.

હવે ફિઝીકલ પરીક્ષા પાસ કરનારાં ૪૫૨૫ ઉમેદવારોને મુખ્ય પરીક્ષા આપવાની રહેશે. તેમાં ૪૦ ટકા ક્વોલીફાઈંગ માર્કર્સ મેળવનારને જ દસ્તાવેજ ચકાસણી માટે બોલાવાશે. આ સંખ્યા આશરે બે ગણા ઉમેદવારો જેટલી થાય છે. આથી બિનઅનામત કેટેગરીમાં કુલ ૨૫૫ જગ્યા છે. તેની સામે ફિઝીકલ પરીક્ષા પાસ કરનાર ૪૯૪માંથી ૫૧૦ ઉમેદવારો બોલાવી શકાય. તેના માટે અત્યારે જ ૧૬ની રહેલી ઘટ મુખ્ય પરીક્ષા પછી ઘણી જ વધી જાય તેવી સંભાવના છે. આ ભરતી પ્રક્રિયામાં પ્રિલીમરી, ફિઝીકલ અને મુખ્ય પરીક્ષાનું ઘણાં જ ટૂંકાગાળામાં આયોજન કરી પરીક્ષાર્થીઓમાં શંકા ઉભી કરવામાં આવી છે. કદાચ કોઈ કોર્ટમાં ના જાય તેવો પણ પ્રયાસ હોઈ શકે છે. બિનઅનામત ઉમેદવારો માટે પણ કટ ઓફ માર્કર્સનું ક્વોલીફાઈડ ધોરણ ૪૫.૭૫ ટકાથી ઘટાડી ૪૦ ટકા કરવું જાઈએ. સર્વણોને શિક્ષણ અને નોકરીમાં ન્યાય આપી નહીં શકતી ભાજપ સરકાર જા બિનઅનામત વર્ગને આ પરીક્ષામાં થતો અન્યાય દૂર નહીં કરે તો ટૂંક સમયમાં કોંગ્રેસ પક્ષ દ્વારા ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરશે. એમ ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે.

## વિધાનસભામાં ગાંધીનગર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

**બિન આરોગ્યપ્રદ ખાદ્ય પદાર્થોના ઉત્પાદન બદલ ૧૫ એકમો સામે કોર્ટ કેસ**

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમિયાન ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા ખાદ્ય પદાર્થોનુ ઉત્પાદન કરતા કેટલા એકમોની તપાસ કરવામાં આવી તે અંગે કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરે પ્રશ્ન રજુ કર્યો હતો જેના જવાબમાં આરોગ્ય મંત્રીએ જણાંવ્યુ હતુ કે આ પ્રકારના ૫૭ એકમો સામે તપાસ કરવામાં આવી હતી. જયારે આ દરમિયાન કસુરવાર ઠરેલા એકમો સામે શુ પગલા લેવાયા તેવા પેટા પ્રશ્નના જવાબમાં તેમણે જણાંવ્યુ હતુ કે તપાસ દરમિયાન કુલ ૧૫ એકમો કસુરવાર જણાંયા હતા. તેમની વિરૂધ્ધ એડજ્યુકેટીંગ હેઠળ કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવ્યો છે.

**જિલ્લામાં ૨૦૫ કેન્દ્રો પર ડાયાબિટીસનુ મફત નિદાન**

ગાંધીનગર જિલ્લામાં ડાયાબીટીશના નિદાન માટે શુ વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે ? વઢવાણના ધારાસભ્ય વર્ષાબેન દોશીએ આ પ્રશ્ન રજુ કર્યો હતો જેના જવાબમાં આરોગ્ય મંત્રીએ જણાવ્યુ હતુ કે ગાંધીનગર જિલ્લાના સરકારી આરોગ્ય કેન્દ્રો તેમજ સરકારી હોસ્પિટલમાં ડાયાબીટીસના નિદાન માટે નિદાન કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા છે. જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ડાયાબિટીસના ૨૦૫ જેટલા નિદાન કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા છે. જયારે આ નિદાન કેન્દ્રોનો લાભ કોઈપણ વ્યક્તિ વના મુલ્યે લઈ શકે છે તેમ પણ ઉત્તરમાં તેમણે જણાંવ્યુ હતુ.

**શાળા આરોગ્ય ચકાસણી અન્વયે ૭૨ બાળકોને હૃદય રોગની સારવાર**

શાળા આરોગ્ય ચકાસણી દરમિયાન એક વર્ષમાં કેટલા બાળકોના આરોગ્યની તપાસ કરવામાં આવી તે અંગે ગાંધીનગર ઉત્તરના ધારસભ્ય અશોક પટેલે રજુ કરેલા પ્રશ્ન સંદર્ભે આરોગ્ય મંત્રી જવાબમાં જણાંવ્યુ હતુ કે જિલ્લામાં ૩૧૧૨૪૮ બાળકોની આરોગ્ય તપાસ કરવામાં આવી હતી. જયારે આરોગ્ય તપાસના અંતે વિદ્યાર્થીઓમાં મુખ્યત્વે હ્રદય રોગ,કિડની, પાંડુરોગ, આંત્રકૃમિ, દાંતની તકલીફ, આંખની તકલીફ, કાન નાક, ગળાની તકલીફ સહીતની બિમારીઓ જણાંઈ આવી હતી. જયારે આરોગ્ય તપાસણીના અંતે જિલ્લાના ૭૨ બાળકોને હ્દય રોગની સારવાર આપવામાં આવી છે.

**જિલ્લાના સામુહિક આરોગ્ય કેન્દ્રમાં વિવિધ સંવર્ગની ૮૨ જગ્યા ખાલી**

ગાંધીનગર જિલ્લામાં સરકારી દવાખાના ,સામુહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં મંજુર મહેકમ કેટલુ છે ? જયારે વિવિધ સંવર્ગની કેટલી જગ્યાઓ ભરાયેલી અને ખાલી છે. તેવા પ્રશ્નના ઉત્તરમાં આરોગ્ય મંત્રીએ રજુ કરેલા જવાબમાં જણાંવ્યા મુજબ જિલ્લામાં સામુહિક આરોગ્ય કેન્દ્રમાં વર્ગ-૧ ની ૧, વર્ગ-૨ની ૩ અને વર્ગ-૩ ની ૪૧ જગ્યાઓ ખાલી છે. જયારે વર્ગ-૪ ની ૩૭ જગ્યાઓ ખાલી છે. જયારે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં વર્ગ-૨ અને વર્ગ -૪ એક પણ જગ્યા ખાલી નથી. વધુમાં વર્ગ-૩ ની એક જગ્યા ખાલી છે.

## તન દુરસ્તી

● ૪ પાનાનું ચાલુ...

વગેરે ટેસ્ટ થાય છે

(૫)સ્ટરીલઈઝેસન અને વોશિંગ એરિયા -જેમાં સ્લાઈડ ટેસ્ટટ્યુબ વગેરે નું વોશિંગ અને સ્ટરીલઈઝેસન થાય છે

(૬) રીફ્રેશમેન્ટ કમ રેસ્ટ રૂમ-જેમાં રક્તદાતા ની સંભાળ લેવા માં આવે છે તેમણે કૉફી બિસ્કીટ આપવામાં આવે છે રક્તદાતા ને જરૂર લાગે તો આરામ પણ કરી શકે છે

(૭) સ્ટોર અને રેકોર્ડ રૂમ-જેમાં બ્લડ બેંકમાં વપરાતી તમામ કીટ અને વસ્તુઓ નો સંગ્રહ થાય છે જેનો રેકોર્ડ રાખવામાં આવે છે તમામ રજીસ્ટર નો અહી સંગ્રહ થાય છે

(૮) ટોઈલેટ -દરેક બ્લડ બેંકમાં ટોઈલેટ ફરજીયાત છે.

આ તો થઈ દરેક રૂમ ની વાત પણ રૂમમાં જે રૂમ માં જરૂર હોય તેમાં એ.સી હોવા ફરજીયાત છે દરેક રૂમમાં જે પણ કઈ બ્લડ બેંક ને લાગતું કાર્ય થતું હોય તે મુજબની SOP (STANDERD OPERATING PROCEDURE) બનવામાં આવે છે અને દરેક રૂમમાં લાગવામાં આવે છે સૌથી જરૂરી વાત એ છે કે દરેક કાર્ય SOP માં લખ્યા મુજબની પદ્ધતિથી થાય છે. રજીસ્ટરની વાત કરીએ તો ફૂડ અને ડ્રગના નિયમ મુજબ પેશન્ટ, રક્તદાતા, ટેસ્ટીંગ, ક્વોલીટી, ટ્રેનીંગ, સ્ટોક વગેરેને લગતા લગભગ ૫૦થી પણ વધારે રજીસ્ટર બનવા પડે છે અને ડે ટુ ડેની એન્ટ્રી પણ કરવી પડે છે દરેક બ્લડ બેંકમાં મશીનરીનું લીસ્ટ, મશીનનું કેલીબ્રેસનનો રેકોર્ડ, મશીનના મેઈન્ટેનન્સનો રેકોર્ડ રાખવો પણ ફરજીયાત છે. ફૂડ અને ડ્રગમાં પેશન્ટ અને રક્તદાતાને લાગતો મંથલી ડેટા દરેક મહિનાની ૧ થી ૫ તારીખમાં ફરજીયાત મોકલવો પડે છે જે લોહીમાં કોઈ પણ ટેસ્ટ POSITIVE આવે તો એને ચોક્કસ પદ્ધતિથી ટ્રીટમેન્ટ આપીને વેસ્ટ મેનેજમેન્ટ વાળાને સોપવામાં આવે છે આ સિવાય પણ ઘણા બધા નિયમો છે અને રોજબરોજ નવા નવા નિયમો ઉમેરતા રહે છે જેનું પાલન કરવું બ્લડ બેંક માટે ફરજીયાત છે.

## ચપ્પલ ફેંકાતા...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગોપાલે જુતું ફેંક્યુ ત્યારે તેણે દારૂબંધી હાય હાય...તાનાશાહી હાય હાય... બેરોજગારી કરીને જૂતાનો ઘા કર્યો હતો. પોલીસે તરત જ ગોપાલની ધરપકડ કરી લીધી હતી. પોલીસ ગોપાલની અટકાયત કરીને લઈ જઈ રહી હતી ત્યારે તેણે મીડિયા સમક્ષ નિવેદન આપતા જણાવ્યું હતું કે, આ યુવાનોનો, જનતાનો સરકારના અહંકાર સામે વિરોધ છે. ભ્રષ્ટાચાર અને બેરોજગારી સામે મારેલું જુતું છે. પ્રદિપસિંહ જાડેજાને વિધાનસભાની બહારની ગેલેરીમાં ધંધૂકાના કર્મચારીએ જૂતું માર્યું ત્યારે તેઓ અમરેલીમાં સરપંચની હત્યા મુદ્દે પ્રતિક્રિયા આપી રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે, ગોપાલ એ જ યુવક છે જેણે ડેપ્યુટી સીએમ નીતિન પટેલ સાથેની મોબાઈલ પરની વાતચીત રેકોર્ડ કરી વાઈરલ બનાવી હતી. ગોપાલ ધંધૂકામાં જ એક સરકારી કલાર્કની નોકરી કરે છે. આ ઘટના પછી ભાજપના પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણીએ પોતાની પ્રતિક્રિયા આપતા કહ્યું હતું કે, હું ઘટનાની નિંદા કરું છું, લોકશાહીમાં સૌને ચર્ચા કરવાનો અધિકાર છે પણ આ રીતે ઉશ્કેરણીજનક વર્તન યોગ્ય નથી. તેમણે કોંગ્રેસ તરફ પ્રહાર કરતા કહ્યું હતું કે, કોંગ્રેસ ઉશ્કેરવાનો પ્રયાસ કરે છે અને ઉશ્કેરણીજનક વાતાવરણ ઉભું કરાઈ રહ્યું છે.

## ઝાડા-ઉલ્ટી...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવા ૧૦૮ એમ્બ્યુલન્સ પણ રવાના કરી દેવામાં આવી છે. બિનસત્તાવાર આંક પ્રમાણે ૧૦૦ જેટલી વ્યક્તીઓને ઝાડા-ઉલ્ટી છે. માવાની મિઠાઈ ખાવાથી ફૂડ પોઈઝનીંગ થયાનું પ્રાથમિક અનુમાન છે. આરોગ્યતંત્ર દ્વારા કસ્બા વિસ્તારમાં સર્વેલન્સની કામગીરી પણ હાથ ધરી દેવામાં આવી છે.

## ઘોંચમાં પડી...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગરનો સમાવેશ થાય તે માટેના પ્રયાસો ચાલે છે પરંતુ હજુ આ અંગેની દરખાસ્ત જ તૈયાર થઈ શકી નથી.

મળતી વિગતો પ્રમાણે આ દરખાસ્ત તૈયાર કરવા માટે કન્સલટન્ટની

## શ્રીગણેશ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લામાં ઉનાળુ બાજરીનું વાવેતર ૧૧૩૦ હેક્ટરમાં થયુ છે જ્યારે મગનું વાવેતર ૬૫ હેક્ટરમાં નોંધાયુ છે.

જિલ્લામાં શાકભાજીના પાકનું વાવેતર ઉનાળામાં પણ સારૂ એવુ થતુ હોય છે. મળતા અહેવાલો પ્રમાણે ૮૫૬ હેક્ટરમાં શાકભાજીના પાકોનું વાવેતર થઈ ચુક્યુ છે અને આગામી એકાદ સપ્તાહમાં આ વાવેતર ૧૫૦૦ હેક્ટરને પણ પાર કરી દેશે. જિલ્લામાં કઠોળ પાકનું ઉત્પાદન સારૂ મળી શકે તેમ હોવાનું પણ સોઈલ હેલ્થ કાર્ડને આધારે ખેડૂતો માની રહ્યા છે અને તેથી આરંભે જ મગનું વાવેતર ૬૫ હેક્ટર જેટલુ નોંધાયુ હોવાનું ખેડૂતો કહી રહ્યા છે. જે આગામી દિવસોમાં વધવાના સંકેત આપે છે. જિલ્લામાં ૪૫ હજાર હેક્ટરમાં ઉનાળુ પાકનું વાવેતર થશે તેવા અંદાજો જિલ્લાનું કૃષિતંત્ર રાખી રહ્યુ છે.

## યુવા પત્રકાર...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઘેરા દુખની લાગણી વ્યાપી છે. તેમના પત્ની ડિમ્પલબેન તેમજ ભાઈ વિપુલ અને ભત્રીજી સહીત પરિવારના સભ્યોને વિલાપ કરતા મુકી ગયા છે. જતીન કોઠારીએ વર્ષ ૧૯૯૭માં વેસ્ટર્ન ટાઈમ્સ દૈનિક અખબારમાંથી તેમની કારકિર્દીની શરૂઆત કરી હતી. જયારે પત્રકારત્વ ક્ષેત્રે તેમના બે દાયકાના યોગદાનમાં તેમણે સીટી સમાચાર, સૌરાષ્ટ્ર ભુમિ, સંદેશમાં પત્રકાર તરીકે સેવા આપી હતી. પત્રકારત્વ ક્ષેત્રે તેમની લાંબી મજલ દરમિયાન તેમના સાલસ અને નિખાલસ વ્યક્તિત્વના લીધે તેમના સામાન્ય વ્યક્તિથી લઈ ટોચના અધિકારીઓ સાથે સંબંધો કેળવ્યા હતા. માહીતી માટેના મજબુત સ્રોતના આધારે તેમણે પત્રકારત્વ ક્ષેત્રે આગવી ઓળખ ઉભી કરી હતી. પત્રકારત્વના તેમના અંતિમ પડાઉમાં તેઓ છેલ્લે વેસ્ટર્ન ટાઈમ્સમાં ફરજ બજાવતા હતા. ટુંકી બિમારીના અંતે ૪૪ વર્ષીય જતીન કોઠારીનુ અવસાન થતા આજે બપોરે ૩ :૩૦ કલાકે તેમના નિવાસ સ્થાનેથી સદગતની અંતિમ યાત્રા નિકળી હતી. જેમાં જિલ્લા કલેકટર સતીષ પટેલ, ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્ત જહા વેસ્ટર્ન ટાઈમ્સના તંત્રી નિકુંજ પટેલ,નાગરિક બેંકના ડિરેકટર હિમાંશુ પટેલ સહીત નગરના પત્રકારો , અધિકારીઓ તેમજ આમ નાગરિકો પણ જોડાયા હતા. પત્રકારો ઉપરાંત નગરના અગ્રણીઓએ પણ સદગતના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી હતી. સ્વર્ગસ્થનુ બેસણુ આગામી તા ૫ માર્ચના રોજ સવારે ૯ થી ૧૧ કલાકે સે-૧૪ સ્થિત તેમના નિવાસ સ્થાને રાખવામાં આવ્યુ છે.

## વસિયતનામું...

● અનુસંધાન પહેલાનું ચાલુ

નંદાનો સમાવેશ થાય છે. અમિતાભ બાદ તેમની સંપત્તિ પર તેમના પુત્ર અભિષેક બચ્ચન અને પુત્રી શ્વેતા બચ્ચન બરાબરના અધિકારી રહેશે. અમિતાભ બચ્ચન દેશ માટે એક ચેન્જમેકર તરીકે પણ ગણવામાં આવે છે. તેમનું દરેક કામ કોઈના કોઈ ખાસ ઈરાદા સાથે હોય છે. ખાસ મુદ્દાને લઈને તેમના નિવેદન ચોક્કસપણ ચર્ચા જગાવે છે. અમિતાભ બચ્ચને શરૂઆતથી જ ઝેન્ડર ઈક્વાલીટી અથવા તો જાતિ સમાનતાની તરફેણ કરી છે. તેઓ આ સંદર્ભમાં ઝુંબેશ પણ ચલાવી ચુક્યા છે.

## ન્યાય માટે તડપે છે...

● પાચમા પાનાનું ચાલુ

સાથેપ્રમલીલા આદરી જેબાબતે ફરિયાદિ નિકુબા ભાથીભાએ થરા પોલીસ સ્ટેશન, પાલનપુર ડી.એસ.પી. ઓફિસ સુધી લેખિત રજુઆતો કરેલ પરંતુઆરોપી સામે કોઈ પ્રકારના પગલાં ન લેવાતા ફરિયાદિ વિમાસણમાં મુકાયા છે. અને પોલીસતંત્રની આવી ઢીલી નિતી સામે સવાલો ઉભા થયા છે. ફરિયાદી અત્યારે રાણકપુર પોતાના પિયરમાં છે અનેઆરોપી ધર્મેન્દ્રસિંહ સોલંકી પોતાની પ્રમિકા સાથે ફરાર છે. ત્યારે પોલીસ કાર્યવાહિ કેમ નથી કરતી એ પણ એક યક્ષ પ્રશ્ન છે. ત્યારે જોવુ હવે એ રહ્યું કે થરા પોલીસે એફ. આઈ. આર. દાખલ કરી છે પણ આરોપીને ક્યારે ઝડપશે અને આ ચાર સંતાનોની માતાને ક્યારે ન્યાય અપાવશે તે જોવું રહ્યું.


**વૉટર એન્ડ સેનિટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઈઝેશન (વાસ્મો)**

WASMO

૩જો માળ, જલસેવા ભવન, સેક્ટર-૧૦એ, ગાંધીનગર-૩૮૨૦૧૦

ફોન : ૦૭૯-૨૩૨૪૭૧૭૦-૭૧, ૨૩૨૩૭૦૭૫, ફેક્સ : ૨૩૨૪૭૪૮૫

Website : www.wasmo.org • Email : wasmo@wasmo.org

**ટેન્ડર નોટીસ**

વાસ્મો કચેરી દ્વારા નીચે જણાવેલ કામો માટેના ટેન્ડરો અગ્રણી ઈજારદારો પાસેથી ક્રમ (૧) અને (૨)ની વિગતે સીલબંધ કવરમાં માત્ર રજી.પો.એ.ડી/સ્પીડ પોસ્ટથી મંગાવવામાં આવે છે. જરૂરી માહિતી કચેરી સમય દરમિયાન અત્રેથી રૂબરૂમાં મળી રહેશે.

| ક્રમ | કામની વિગત | આશરે વાર્ષિક ખર્ચ (રૂ. લાખમાં) | ટેન્ડર ફી (રૂ.માં) | બાનાની (રૂ.માં) | સિક્યુરીટી ડીપોઝીટ (રૂ.માં) |
|---|---|---|---|---|---|
| ૧ | એ.સી. મશીન મરામત માટે | ૦.૫૦ | ૬૦૦ | ૨,૫૦૦ | ૫,૦૦૦ |
| ૨. | સ્પાયરલ બાઈન્ડીંગ અને ઝેરોક્ષ કલર પ્રિન્ટ, કલર ઝેરોક્ષ | ૨.૦૦ | ૧૫૦૦ | ૬,૦૦૦ | ૧૦,૦૦૦ |
| ૩. | વૉટર એન્ડ સેનીટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઈઝેશન (વાસ્મો), ગાંધીનગરની કચેરીના સ્ટોર રૂમમાં રહેલ જુની રસ્તી, ભંગાર, ખુરશીઓ, ફર્નિચર, ટાયર વગેરેની તળિયાની કિંમત રૂ. ૬૦,૦૦૦/-ની જાહેર હરાજી તા. ૧૬/૩/૨૦૧૭ના રોજ ૧૨.૦૦ કલાકે ગ/૧ટાઈપ, બ્લોક નં. ૧૯૦/૧, સેક્ટર-૩૦, ગાંધીનગર ખાતે રાખવામાં આવેલ છે. આ હરાજીમાં રસ ધરાવતા ઠેકેદારશ્રીઓએ હાજર રહેતા પહેલા અત્રેની કચેરીના નોટિસ બોર્ડ પર શરતો જોઈ તથા સમજી લેવાની રહેશે. હરાજી અંગેની શરતો હરાજી વખતે રૂબરૂ વાંચી સંભળાવવામાં આવશે. આ અંગેની આખરી સત્તા વાસ્મોના મુખ્ય કારોબારી અધિકારીશ્રીની રહેશે. | | | | |

નોંધ : ટેન્ડર તથા હરાજી અંગેની ક્રમ (૧), (૨) અને (૩) માટે ગાંધીનગરમાં આવેલ એજન્સીઓ જ ટેન્ડરમાં ભાગ લઈ શકશે.

**કોરો ટેન્ડર ફોર્મ મેળવવાની છેલ્લી તા. ૧૫/૩/૨૦૧૭**

**ટેન્ડર પરત લેવાની છેલ્લી તા. ૨૨/૩/૨૦૧૭ (ઓફીસ ટાઈમ ૧૮.૦૦ કલાક સુધી**

માહિતી/૨૮૬૪/૧૬-૧૭

**સહી/-**
**પ્રોજેક્ટ ડાયરેક્ટર**
**વાસ્મો, ગાંધીનગર.**


## આ પણ વાંચીએ...


**● આ વિમાનમાં માત્ર મહિલાઓ જ સફર કરશે, પાયલોટ પણ મહિલા**



મહિલા દિનની ઉજવણી મુંબઈમાં અનોખી રીતે કરવામાં આવશે. આ દિવસે મુંબઈથી અમૃતસર એક ફ્લાઈટ ઉડશે. આ વિમાનમાં ક્રુ મેમ્બરથી લઈને તમામ મુસાફરો મહિલાઓ હશે. ૧૫૮ જેટલી મહિલા મુસાફરોની આ ફ્લાઈટની પાયલટ પણ મહિલાઓ જ હશે. વિસ્તારા એરલાઈન્સની આ પહેલી ફ્લાઈટ કંપનીએ મહિલાઓને સમર્પિત કરી છે.

**● માત્ર શોખ પુરો કરવા વૃદ્ધા જેલમાં ગઈ**

દરેક વ્યક્તિની એકાદ-બે ઈચ્છાઓ એવી હોય છે જે તેઓ



જીવતેજીવ પુર્ણ કરવા ઈચ્છે છે. પરંતુ જેલ જવાની કોઈની ઈચ્છા હાઈ શકે ? નેધરલેન્ડના ૧૦૦ વર્ષના વડીલ મહિલા એનીને જેલમાં જવાની ખુબ જ ઈચ્છા હતી. મૃત્યુ પહેલા તેઓ પોતાની આ વિચિત્ર ઈચ્છા પૂર્ણ કરવા માંગતા હતા. દાદીની આ વિચિત્ર ઈચ્છા તેમની પૌત્રીએ પૂર્ણ કરી છે. પૌત્રીના કહેવાથી પોલીસ દાદીને પકડીને લઈ ગઈ હતી અને તેઓને જેલમાં પુરી દીધા હતા.

**● રોંગ નંબરથી લગ્ન સુધીની અનોખી લવસ્ટોરી**

મોબાઈલ ફોન પર રોંગ નંબરથી કોલ આવવા એક સામાન્ય બાબત છે. પરંતુ તમે ક્યારેય વિચાર્યુ છે કે એક રોંગ નંબરથી બે વ્યક્તિઓ હંમેશ માટે એકબીજાના સાથી બની શકે. ઈન્ડોનેશિયાના ૨૮ વર્ષિય



ઈજનેર સોફિયનને રોંગ નંબરે લગ્ન સુધી પહોંચાડી દીધા છે. બન્યુ એવુ કે એક દિવસ એક મહિલાએ ભુલથી સોફિયનને કોલ લગાવી દીધો. રોંગ નંબર હોવા છતાં સોફિયનને તે મહિલાનો અવાજ એટલો પસંદ આવ્યો કે તે એક કલાક સુધી તેની સાથે વાતો કરતો રહ્યો. આ કોલ બાદ તે મહિલા એટલે કે માર્યાને મળવા સોફિયાન તલપાપડ બની ગયો. જ્યારે તે માર્યાના ઘરે પહોંચ્યો ત્યારે ચોંકી ગયા. તે એક ૮૨ વર્ષિય વૃદ્ધા હતી. જો કે માત્ર અવાજ સાંભળી માર્યાના પ્રેમમાં પડી જનાર સોફિયાને તાજેતરમાં ૧૮મી ફેબ્રુઆરીએ માર્યા સાથે લગ્ન કરી લીધા.

# ગાંધીનગર રાજપૂત મહિલા મંડળ દ્વારા મહિલાઓ માટે હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાશે

શ્રી કચ્છ કાઠીયાવાડ રાજપૂત સેવા સમાજના માર્ગદર્શન હેઠળ ગાંધીનગર રાજપૂત મહિલા મંડળ દ્વારા મહિલાઓ માટે હેલ્થ ચેક-અપ (કેન્સર નિદાન) કેમ્પનું આયોજન આગામી તા.૪ માર્ચને શનિવારના રોજ સવારે ૮.૩૦ કલાકે સેકટર-૧૭ ગાંધીનગર રાજપૂત મહિલા મંડળના કાર્યાલય ખાતે કરવામાં આવ્યું છે. ચેકઅપ કેમ્પમાં બહેનોને કેન્સરને લગતા ટેસ્ટ નિશુલ્ક કરી આપવામાં આવશે. અને લોકજાગૃતિ માટે એક પ્રદર્શન પણ રાખવામાં આવેલ છે.

આપણે જાણીયે છીએ કે કેન્સર એ જીવલેણ રોગ છે. પરંતુ તેના વિશે સમગ્ર ગુજરાતમાં જાગૃતિ આવે તે અનિવાર્ય છે. કેન્સર એટલે મૃત્યુ એવી છાપ નાગરીકોના માનસપટ પર છવાયેલી છે જેને સૌ પ્રથમ દુર કરવી પડશે. કેન્સર મટી શકે છે. કેન્સર ત્રીજા કે ચોથા ચરણમાં ગયા પછી ચિંતાજનક પરિસ્થિતિ સર્જાય છે. પરંતુ નાગરીકો કેન્સરથી ગભરાઈ જાય છે તેમજ શરમાય જાય છે. કેન્સરમાં સમયસર નિદાન એ જ એનો ઉપાય છે. કેન્સર ખાસ કરીને મહિલાઓમાં વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. સમાજમાં કેન્સર અંગે જાગૃતિ આવે તે અતિ મહત્વનું છે. કેન્સરની સારવાર કઠીને અને ખર્ચાળ છે. કેન્સર અંગે મહિલાઓમાં જાગૃતિ આવે તેવા ઉમદા હેતુથી ગાંધીનગર રાજપૂત મહિલા મંડળ અને ધી ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટયુટ સહયોગથી મહિલાઓ માટે હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન સવારે ૮.૩૦થી ૨ કલાક દરમિયાન બ્લોક નં-૧૪૧.૧ ચ ટાઈપ સેકટર-૧૭ રાજપૂત મહિલા મંડળની ઓફિસ પાસે કરવામાં આવ્યું છે.

**જાહેરનામુ**
**મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર**

તારીખ : ૨૪/૧/૨૦૧૭

**જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનર્વસવાટ અધિનિયમમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)**

**જિલ્લો : ગાંધીનગર**

**ક્રમાંક : અમ-૨૦૧૭-૧૪-મ-જગધ-૨૦૧૫-૧૯૬૯-ઘ**

ભારતના બંધારણની કલમ-૨૫૮ના ખંડ-૧ અન્વયે બહાર પાડવામાં આવેલ ભારત સરકારના કૃષિ મંત્રાલય (ગ્રામ વિકાસ વિભાગ)ના તા. ૨૦/૮/૧૯૮૭ના જાહેરનામા નં. ૧૨૦૧૧ / ૩૨/૧૭/૮૪ / એલઆરડી / એસઓ / ૯૮૭ / ઈ દ્વારા ગુજરાત રાજ્યના પ્રદેશમાં સંઘના હેતુ માટે જમીન સંપાદન જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનર્વસવાટ અધિનિયમમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો) હેઠળ કેન્દ્રીય સરકારના કાર્યો ગુજરાત સરકારને સોંપવામાં આવ્યા છે. એથી

આ સાથેની અનુસુચિમાં દર્શાવવામાં આવેલી જમીન / જમીનોની જાહેર હેતુ જેમ કે, તેલ અને કુદરતી વાયુ કોર્પોરેશન અમદાવાદ પ્રોજેક્ટ દ્વારા સારકામ નંબર : એમ.એલ.એચ.ટી અને રસ્તો (એલ.એમ.૧૮૩) માટે જરૂર પડવાનો સંભવ છે તેમ ગુજરાત સરકારને લાગે છે.

(૧) આથી જમીન સંપાદન પુનસ્થાપન અને પુનર્વસવાટ અધિનિયમમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)ની કલમ-૧૧ની જોગવાઈઓ હેઠળ જાહેર કરવામાં આવે છે કે, ઉક્ત જમીન / જમીનો ઉપર દર્શાવવામાં આવેલા હેતુ માટે જરૂર પડવાનો સંભવ છે.

(૨) ઉક્ત જમીન / જમીનોમાં હિત ધરાવતી બધી વ્યક્તિઓને આથી ઉક્ત જમીન / જમીનો ઉપર ઉક્ત જમીનના સંપાદનના હેતુ માટે રોકવામાં આવેલ કોઈપણ માપણીદારો અથવા બીજી કોઈ વ્યક્તિઓની કામગીરીમાં અડચણ અથવા દખલ નહી કરવાની ચેતવણી આપવામાં આવે છે. આ જાહેરનામાંની તારીખ પછી કલેક્ટરની મંજુરી વિના ઉક્ત જમીન / જમીનોના વેચાણ, પટા, ગીરો, નામફેર કે વિનિમય દ્વારા અથવા બીજી કોઈપણ રીતે નિકાલ અંગે કરવામાં આવેલ કોઈપણ કરાર અથવા જમીન / જમીનોમાં કરવામાં આવેલ કોઈપણ સુધારા કે ખર્ચ અધિનિયમની કલમ-૬૯ હેઠળ ધ્યાનમાં લેશે નહીં.

(૩) ગુજરાત સરકારને એવી ખાતરી થાય કે ઉક્ત જમીન / જમીનો આગળ જણાવેલ હેતુ માટે જરૂરી છે તો યોગ્ય સમયગાળાની અંદર ઉક્ત અધિનિયમની કલમ-૧૯ હેઠળ એ મતલબનું આખરી જાહેરનામુ કાયદાનુસાર પ્રસિદ્ધ કરવામાં આવશે. જમીન સંપાદન અંશતઃ કે સંપૂર્ણપણે પડતુ મુકવામાં આવશે તો એ હકીકત પણ કાયદાનુસાર યોગ્ય રીતે પ્રસિદ્ધ કરવામાં આવશે.

(૪) આથી ગુજરાત સરકાર, જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનર્વસવાટ અધિનિયમમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩ ૩૦મો)ની કલમ-૩ના ખંડ (જી) હેઠળ ગુજરાત સરકાર તે સમયે નાયબ કલેક્ટર અને ખાસ જમીન સંપાદન અધિકારી (ઓ.એન.જી.સી.) અમદાવાદને ઉક્ત જમીન / જમીનો સંબંધમાં કલેક્ટરના કાર્યો બજાવવા નીમે છે.

**અનુસુચિ**

**મોજે : કોલવડા** **તા. ગાંધીનગર** **જી. ગાંધીનગર**

| જિલ્લો | તાલુકો | ગામ | સર્વે નંબર/ બ્લોક નંબર | જરૂરી જમીનનો આશરે વિસ્તાર | જે જાહેર હેતુ માટે જરૂર છે તે જાહેર હેતુ |
|---|---|---|---|---|---|
| ગાંધીનગર | ગાંધીનગર | કોલવડા | ૧૮૬<br>૧૮૭ પૈ.<br>૧૮૮ પૈ.<br>૧૮૯/૧ પૈ. | ૦૧-૩૫-૫૭<br>૦૦-૦૫-૦૦<br>૦૦-૦૫-૦૦<br>૦૦-૦૮-૯૦ | તેલ અને કુદરતી વાયુ કોર્પોરેશન અમદાવાદ પ્રોજેક્ટના સારકાર નંબર એલ.એમ.એચ.ટી. અને રસ્તો (એલએમ-૧૮૩ (એલએક્યુ/કેસ નં. ૦૪/૨૦૧૬/જી |
| | | | કુલ | ૦૧-૫૪-૪૭ | |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**સહી/-**
**(એચ. જે. રાઠોડ)**
**સરકારશ્રીના ઉપસચિવ**

**ક્રમાંક/સંમાનિ/અમદ/૧૯૮૩/૨૦૧૭**